# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-02-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

--------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# BUDGET MAIN STORY

રાજ્યનું 2025-26નું અંદાજપત્ર નાણા મંત્રી કનુ દેસાઇએ આજે વિધાનસભા ગૃહમાં રજૂ કર્યું હતું... ગત વર્ષની સરખમણીએ 17 ટકાના વધારા સાથે ત્રણ લાખ ૭૦ હજાર ૨૫૦ કરોડનું અંદાજપત્ર રજૂ કરાયું હતું..વિકસિત ગુજરાત-૨૦૪૭ થકી વિકસિત ભારત-૨૦૪૭નું નિર્માણ કરવા વિકાસના પાંચ સ્તંભ- સામાજિક સુરક્ષા, માનવ સંશાધન વિકાસ, આંતર માળખાકીય સુવિધાઓ, આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ અને ગ્રીન ગ્રોથ પર આધારિત આ અંદાજપત્ર રજૂ કરાયું હતું...

નાણાંત્રીએ પોતાના અંદાજપત્રના સંબોધનમાં જણાવ્યુ હતું કે ગુજરાત દેશનું ગ્રોથ એન્જિઅન છે. ગુજરાત દેશના કુલ જી.ડી.પી.માં ૮.૩%નું યોગદાન આપે છે. રાજય સરકાર આ યોગદાન વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૦% થી ઉપર પહોંચાડવા કટિબદ્ધ હોવાનું પણ તેમણે જણાવ્યું હતું..

(બાઇટ- કનુ દેસાઇ, નાણામંત્રી)

અંદાજપત્રમાં તેમણે વિવિધ વિભાગોની નાણાકીય જોગવાઓ પણ કરી છે જેમાં સામાજિક ન્યાય , આદિજાતિ તથા શિક્ષણ વિભાગ દ્વારા ૮૧ લાખથી વધુ લાભાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. જે માટે ચાર હજાર ૮૨૭ કરોડ , સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે કુલ ૬ હજાર ૮૦૭ કરોડ , આદિજાતિ વિકાસ વિભાગ માટે કુલ ₹૫૧૨૦ કરોડની જોગવાઇ , શ્રમ , કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે કુલ બે હજાર ૭૮૨ કરોડ , શિક્ષણ વિભાગ માટે કુલ ૫૯ હજાર ૯૯૯ કરોડ , નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર

વિભાગ માટે ૨૫ હજાર ૬૪૧ કરોડ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ માટે ચાર હજાર ૨૮૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે..

આ ઉપરાંત વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે બે હજાર ૫૩૫ કરોડની જોગવાઈ કરાઇ છે.. ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે ૧૧ હજાર ૭૦૬ કરોડ અને પ્રવાસન, યાત્રાધામ અને નાગરિક ઉડ્ડયન માટે બ હજાર ૭૪૮ કરોડની જોગવાઈ આ વર્ષના અંદાજપત્રમાં કરવામાં આવી હોવાનું નાણામંત્રીએ જણાવ્યુ હતું.

. . . . . . . . . . . . .

# GUJARAT BUDGET 2025-26

રાજ્યના નાણામંત્રી કનુ દેસાઇએ આ અંદાજપત્રમાં વિવિધ વિભાગો માટે અને નાગરિકોની સુવિધા વધારતી નવી જાહેરાતો પણ કરી છે. જેમાં...

પ્રધાનમંત્રી આવાસ યોજના સહિતની વિવિધ આવાસ યોજનામાં અપાતી હાલની એક લાખ 20 હજાર રૂપિયાની સહાયમાં મકાનદીઠ 50 હજાર રૂપિયાનો વધારો કરી હવે એક લાખ 70 હજાર રૂપિયાની સહાય અપાશે. જ્યારે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત 21 ટકાનો વધારો કરાયો. ઉપરાંત આદિજાતિ સમુદાય માટે ન્યૂ ગુજરાત પૅટર્ન યોજના માટે 37 ટકાનો વધારો કરી એક હજાર 100 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

## (બાઈટઃ કનુ દેસાઈ, નાણામંત્રી – AVAS SAHAY)

શ્રી દેસાઈએ ઉમેર્યું , દિવ્યાંગ સંત સૂરદાસ યોજના હેઠળ 80 ટકાની જગ્યાએ 60 ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતા 85 હજારથી વધુ દિવ્યાંગજનોને 12

હજાર રૂપિયાની સહાય મળશે. અંદાજપત્રમાં નવ નવી મહાનગરપાલિકાના વિકાસને વેગ આપવા માટે 2 હજાર 300 કરોડ રૂપિયાની જોગવાઈ છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની જોગવાઈ 8 હજાર 883 કરોડ રૂપિયાથી વધારી 12 હજાર 847 કરોડ કરાઈ છે.

મુખ્યમંત્રી શ્રમિક બસેરા યોજના માટે 200 કરોડ , વિવિધ શિષ્યવૃત્તિઓ માટે 4 હજાર 827 કરોડ , ઔદ્યોગિક તાલીમ સંસ્થા-I.T.I.ને અપગ્રેડ કરવા 450 કરોડ , રાજ્યના લઘુ, મધ્યમ અને મોટા ઉદ્યોગો સિવાય સ્ટાર્ટ-અપ એકમોની વિવિધ યોજનાઓ હેઠળ સહાય માટે અંદાજે 3 હજાર 600 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

જ્યારે 10 જિલ્લાઓમાં કુલ 20 સ્થળે સમરસ કુમાર અને કન્યા છાત્રાલય બાંધવામાં આવશે, જેનો લાભ 13 હજારથી વધુ વિદ્યાર્થીઓને થશે.

અમદાવાદ ખાતે સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્કલેવ અને કરાઈ ખાતે આંતર-રાષ્ટ્રીય કક્ષાની રમતગમત સુવિધા ઉપલબ્ધ કરાવાશે. જ્યારે અમદાવાદની L.D. ઈજનેરી કૉલેજ અને અન્ય છ સરકારી ટૅક્નિકલ સંસ્થાઓ ખાતે કૃત્રિમ બુદ્ધિમત્તા-A.I. લૅબ સ્થાપિત કરાશે. રાજ્યમાં અમલી "ગ્લૉબલ કૅપેબલિટી સેન્ટર્સ- G.C.C." નીતિથી સર્વિસ ક્ષેત્રમાં 50 હજારથી વધુ રોજગારીનું સર્જન થશે.

## (બાઈટઃ કનુ દેસાઈ, નાણામંત્રી -A.I. LAB)

અંદાજપત્રમાં રાજ્યમાં બે નવા એક્સપ્રેસ-વે બનાવવાની પણ જાહેરાત કરવામાં આવી છે.

હાલમાં વિધાનસભા ગૃહમાં નાણામંત્રી રાજ્યનું બજેટ જાહેર કરી રહ્યા છે...

. . . . . . . . . . .

# IPS MAHEKAM

રાજ્યમાં આઇ.પી.એસ. અધિકારીઓની મંજૂર થયેલી ૨૦૮ જગ્યાઓ પૈકી ૧૯૮ જગ્યાઓ ભરાયેલી હોવાનું ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે વિધાનસભા ગૃહમાં કહ્યું હતું. રાજ્યને ફાળવવામા આવેલા આઇ.પી.એસ. અધિકારીઓમાં ૩૪ મહિલા આઈ.પી.એસ. અધિકારીઓનો સમાવેશ પણ કરાયો હોવાનો કોંગ્રેસના ધારાસભ્યે પૂછેલા પ્રશ્નના જવાબમાં ગૃહરાજ્ય મંત્રીએ ગૃહમાં જવાબ આપ્યો હતો.

તા.૩૧મી ડિસેમ્બર ૨૦૨૪ની સ્થિતિએ રાજ્યમાં આઇ.પી.એસ. અધિકારીઓની કુલ ૨૦૮ જગ્યાઓ મંજૂર થયેલી છે. તે પૈકી ૧૯૮ જગ્યાઓ ભરાયેલી છે અને ૧૦ જગ્યાઓની ઘટ છે. તેમાં પણ ગત મહિને એક જગ્યા ભરાતા હવે ૯ જગ્યાઓની ઘટ છે. બાકી રહેલી જગ્યાઓ પણ ઝડપથી ભરી દેવામાં આવશે. રાજ્યના કેટલા આઇ.પી.એસ. અધિકારીઓ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે તે સંદર્ભે પૂછાયેલા પૂરક પ્રશ્નનો ઉત્તર આપતા મંત્રીશ્રીએ ઉમેર્યું કે , કેન્દ્રીય નીતિ મુજબ રાજ્યમાંથી ૪૫ આઇ.પી.એસ. અધિકારીઓ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર હોઇ શકે તેની સામે ગુજરાત રાજ્યમાંથી ૨૪ આઇ.પી.એસ.અધિકારીઓ કેન્દ્રમાં ડેપ્યુટેશન ઉપર છે.

રાજ્યમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં મહિલાઓને વિશેષ જવાબદારી આપવામાં આવી રહી છે તેવો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો..

. . . . . . . . . . . .